**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૭/૦૫/૨૦૧૮ થી તા. ૦૨/૦૬/૨૦૧૮ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૨૦/૨૦૧૮ તા. ૩૧/૦૫/૨૦૧૮ :-**

તા.૩૧/૦૫/૨૦૧૮ના રોજ એક પેસેન્જર સ્મીત ધર્મેશભાઇ શાહ રહે. એરસ્ટેટ એપાર્ટમેન્ટ બાલ બંગ્લોઝ હઠવા લાઇન્સ સુરત નાઓ અહીંસ્સા એકસ. ટ્રેનમા મુસાફરી કરતા સુરત આવતા હતા તે વખતે એક છોકરો મળી આવેલ છે તેવી હકિકત સુરત રે.પો.સ્ટે.માં ફોનથી જાણ કરતા પી.એસ.ઓ. અલકાબેન બી. નાઓએ વુ.હે.કો. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓને જણાવતા તેઓ ટ્રેન ઉપર હાજર રહી મળી આવેલ છોકરાનુ નામ ઠામ પુછતા તેને તેનુ નામ સાવરીયા ગણેશ ભીલ ઉં.વ. ૧૩, ધંધો-અભ્યાસ, રહે. પંડાલ, જી. ચિત્તોડગઢ, રાજસ્થાન વાળો હોવાનુ જણાવતા ચિતોડગઢ પોલીસ કંટ્રોલને ફોનથી જાણ કરતા રાજસ્થાન પોલીસ તેના વાલી-વારસોને શોધી જાણ કરવામા આવેલ અને તેના વાલી-વારસો આવે ત્યાં સુધી છોકરાની સંભાળ માટે ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામા આવેલ અને તેના પિતા નામે ગણેશ ભીલ રહે. રાજસ્થાન વાળા સુરત રેલ્વે પોલીસ સ્ટેશને લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી છોકરાનો કબજો રૂબરૂમાં સોપવામાં આવેલ છે.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૩૦/૧૮ તા. ૩૧/૦૫/૨૦૧૮ :-**

તા. ૩૧/૦૫/૨૦૧૮ના રોજ વુ.હે.કો. મનીષાબેન મધુકર સુરત રે.પો.સ્ટે.મા હાજર હતા તે વખતે વુ.એલ.આર. પનીનાબેન ગામીત તથા પો.કો. મુરલીધર રૂપચંદ નાઓ એક સ્ત્રીને લાવી રજુ કરતા નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મનીષાબેન વા/ઓ સાગરભાઇ ચાઢરીનાથ ચૌધરી, ઉ.વ.૨૭ ધંધો ઘરકામ, રહે. મકાન નં. ૫૩, દેવીકૃપા સોસાયટી, ઉત્રાણ સુરત વાળી હોવાનુ જણાવતા તેઓની વધુ પુછપરછમા સાસું-સસરા સાથે ઝઘડો થતા પતિએ ઘરમાંથી જતા રહેવાનુ કહેતા લાગી આવતા કોઇને પણ જાણ કર્યા વગર ઘરમાંથી નિકળી આવેલ હોવાનુ જણાવતા તેઓના ભાઇ મનોજને ફોન કરી જાણ કરતાં તેઓના ભાઇએ મહીલા હેલ્પ લાઇન નંબર ૧૮૧ ઉપર જાણ કરતા મહીલા હેલ્પ લાઇનના કર્મચારીઓ સુરત રે.પો.સ્ટેશને આવી સુરત રેલ્વે પોલીસે તેઓના પતિને ફોન કરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશને બોલાવી મહીલાને તેના પતિની હાજરીમા પુંછતા તેના પતિના ઘરે જવા રાજીખુશી દર્શાવતા તેના પતિનું નિવેદન મેળવી યોગ્ય પુરાવા રજુ કરતા તેઓને રૂબરૂમાં કબ્જો સોપવામા આવેલ છે.

Sd/-
પોલીસ અધિક્ષક,
પશ્ચિમ રેલ્વે, વડોદરા.